ગાંધીનગર સમાચાર

પ્લાસ્ટીક વિરોધી દળનો સે-૨૧ અને મીનાબજારમાં સપાટો

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૧ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૧ કલાકનો રહેશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે 'નો એકઝીટ' નાટક, સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

# ગાંધીનગર મેડીકલ કોલેજના બે વિદ્યાર્થી યોગ કરતા ઢળી પડ્યા

ગાંધીનગર, તા.૨૧

વિશ્વ યોગ દિન નિમિતે ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રાંગણમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેડીકલ કોલેજ તેમજ હોસ્પિટલ સ્ટાફ અને કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટીસંખ્યામાં જોડાયા હતા.જેમાં યોગ દરમિયાન મેડીકલ કોલેજના બે વિદ્યાર્થી ઢળી પડ્યા હતા. યોગ દરમિયાન ઢળી પડતા હાજર કર્મચારીઓએ પાણી પીવડાવીને સાઈડમાં થોડીવાર માટે બેસાડ્યા હતા. બાદમાં વિદ્યાર્થીઓ ફરીવાર યોગમાં જોડાયા હતા. મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ ઢળી પડતા હાજર સૌ અચરજ પામ્યા હતા.

દરેક યુવાન અને વડિલો પોતાના શરીરને સ્વસ્થ રાખવા યોગ કરે છે. યોગ કરવાથી કેટલાક રોગમાંથી લાભ પણ મળે છે. ત્યારે વિશ્વ યોગ દિન નિમિતે સમગ્ર શહેરમાં વિવિધ સ્થળો પર સામાજીક, સ્વૈચ્છીક અને સેવાકીય સંસ્થાઓ સહિત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોગનું આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત શહેર યોગના રંગે રંગાઈ ગયું હતું. સવારના સમયે શાળા કોલેજાનો પ્રાંગણમાં અને જાહેર સ્થળો પર યોગની શિબિરો યોજાઈ હતી. વિશ્વ યોગ દિને મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો જોડાયા હતા. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ સેકટર-૧૨ ખાતે પણ વિશેષ યોગ શિબિર યોજાઈ હતી. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.બિપિન નાયક, હોસ્પિટલના અન્ય ડોકટર, કોલેજ અને હોસ્પિટલના કર્મચારીઓ, મેડીકલ કોલેજના વહીવટી અધિકારી અશ્વીનભાઈ ગોર, અને કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો યોગ શિબિરમાં જોડાયા હતા. શિબિર દરમ્યાન મેડીકલ કોલેજની એક વિદ્યાર્થીની તેમજ એક વિદ્યાર્થી યોગ દરમિયાન ઢળી પડ્યા હતા. કોલેજના સ્ટાફે તાત્કાલીક વિદ્યાર્થીઓને પાણી પીવડાવી થોડીવાર માટે સાઈડમાં બેસાડ્યા હતા ત્યારબાદ ફરી યોગમાં જોડાયા હતા.યોગ અને કસરત શરીરને મોબાઈલની જેમ રિચાર્જ રાખે છે. યોગ કરવાથી સમગ્ર દિવસ સ્ફૂર્તિમય જાય છે ત્યારે મેડીકલ કોલેજના સ્ટુડન્ટ ઢળી પડતા હાજર સૌ અચરજ પામ્યા હતા.

## વાતવાતમાં

● વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર ગાંધીનગર 'યોગમય' બન્યું હતું. શહેરમાં અનેક ઠેકાણે વહેલી સવારે ટ્રાફિકની માત્રામાં ખૂબ વધારો જણાતા ટ્રાફિક પોલીસે વાહન વ્યવહાર નિયમનની ફરજ નિભાવવી પડી હતી.

● સ્વર્ણિમ પાર્ક ખાતે યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને લઈને પરત ફરી રહેલી એક સ્કૂલ બસ ઘ-૬ સર્કલ નજીક પહોચી હતી ત્યારે એક બાઈક સવાર બસની પાછળના ભાગે ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. આ બાઈક સવારને ફ્રેકચર થતા લોહી લુહાણ હાલતમાં તુરંત જ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

● રવિવારે એસ.ટી. બસમાં બેસીને અમદાવાદના ઈસ્કોન ખાતે જઈ રહેલ એક પત્રકાર દંપતિમાંથી પત્નિનું પર્સ ચોરાઈ જવા પામ્યું હતું. પર્સમાં રાખેલા પૈસાની સાથે સાથે બંને પત્રકારોના સરકાર માન્ય પત્રકારની ઓળખ સમા 'એક્રેડિશન કાર્ડ' પણ ચોરાઈ જવા પામ્યા છે.

## વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૧

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની કારોબારી સલાહકાર સભ્યોની બેઠક આગામી તા.૨૬મી જૂનને રવિવારના રોજ સાંજે ૫ કલાકે નર્મદેશ્વર મહાદેવ સેકટર-૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ચ રોડ ગાંધીનગર ખાતે રાખવામાં આવી છે. આ બેઠકમાં નવા વર્ષના આયોજન, શ્રાવણમાસની ઉજવણી, સ્નેહસંમેલન તથા તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ પ્રમુખ સ્થાનેથી ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સભ્યોને હાજર રહેવા પ્રમુખ સનતભાઈ પંડયા અને મહામંત્રી મહેશભાઈ રાવલે અનુરોધ કર્યો છે.

## ઈન્ટરનેશનલ યોગ ડે પ્રસંગે જમનાબાઈ નરસી સ્કૂલ ખાતે પ્રિ-પ્રાયમરી મધર્સ વર્કશોપનું આયોજન



ગાંધીનગર, તા.૨૧

ઈન્ટરનેશનલ યોગ ડે પ્રસંગે જમનાબાઈ નરસી સ્કૂલ, ગિફટ સીટી, અમદાવાદ ખાતે પ્રિ-પ્રાયમરી મધર્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારની લાફટર એકસરસાઈઝ દરમ્યાન માતાઓ દિલથી હસી ત્યારે એ પૂરવાર થયું કે આરોગ્ય અને આનંદ એક બીજા સાથે જોડાયેલા છે. એ પછી નેત્ર-યોગ, મુદ્રાઓ અને યોગાસનો શિખવવામાં આવ્યા હતા. એકંદરે આ સેશનનો ઉદ્દેશ શરીરને આસન દ્વારા સ્વસ્થ થયા પછી મગજને હળવુ બનાવતાં શિખવાનો હતો. પ્રિન્સિપાલ કવિતા બાજપાઈએ યથાર્થપણે જણાવ્યું કે યોગ મગજ, શરીર અને આત્માને ને જાગૃત કરે છે.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી




બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનનાં વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે ગાંધીનગરનાં જાણીતા યોગગુરુ માનનીયશ્રી સત્યપ્રકાશ સૂરી સાહેબને યોગ બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ શ્રી છેલ્લા ૨૨ વર્ષથી ગાંધીનગરનાં નાગરિકોને શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે નિઃશુલ્ક યોગની તાલીમ આપે છે. તેમની સાથે બીબીએ કોલેજનાં સીનીયર અધ્યાપક ડો. જયેશ તન્ના પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા યોગશિબિર માં ઉપસ્થિત રહ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ યોગ શિબિર સંપન્ન થયા બાદ અભિપ્રાય આપતા જણાવ્યુંહતુંતેઓ છેલ્લા કેટલાક વર્ષથી નિયમિત રીતે યોગ સાધના કરે છે. જેનાથી તેઓના સ્વાસ્થયમાં ખુબ સુધારો જોવા મળ્યો છે તેમજ તેઓ ની એકાગ્રતામાં પણ વધારો થયો છે. સમગ્ર કાર્યક્રમ કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ડો. જયેશ તન્ના તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## કામધેનુ યુનિવર્સિટી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી






ગાંધીનગર, તા.૨૧

કામધેનુ યુનિવર્સિટી ખાતે દ્વિતીય વિશ્વ યોગ દિવસ નિમિત્તે યુનિવર્સિટી પરિસરમાં યોગ નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કામધેનુ યુનિવર્સિટી તથા વિવેકાનંદ કેન્દ્ર અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમની શરૂઆત ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા નિયત કરાયેલ કોમન યોગ પ્રોટોકોલ મુજબ સામુહિક યોગ અભ્યાસ દ્વારા કરવામાં આવી હતી.

કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. એમ. સી. વાર્ષ્ણેયે અધ્યક્ષીય સંબોધનમાં આજના સાંપ્રત સમયમાં યુવાનોમાં ચારિત્ર્ય તથા સ્વાસ્થ્ય ઘડતર માટે યોગની મહત્તા પર ભાર મુક્યો હતો. તેમણે સ્વામી વિવેકાનંદજીના ઉદાહરણ દ્વારા જણાવ્યું કે જે રીતે સ્વામીજીએ વિશ્વ ફલક ઉપર ભારતનું નામ ઉજ્જવળ કર્યું હતું, એ જ રીતે, આજે સમગ્ર વિશ્વમાં ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ સ્વરૂપે વિશ્વ બંધુત્વ, શાંતિ તથા કલ્યાણની ભાવનાઓનો પ્રસાર થઈ રહ્યો છે. કાર્યક્રમના મુખ્ય અતિથિ, વિવેકાનંદ કેન્દ્ર, ગુજરાતના પ્રાંત સંચાલક શ્રી વિનોદરાય ત્રિવેદીએ જણાવ્યું કે ભવિષ્યમાં યોગ માત્ર વિશ્વ યોગ દિવસ પુરતો સીમિત ન રહેતાં લોકોના રોજીંદા જીવનનો ભાગ બનશે.

ઉલ્લેખનીય છે કે તા. ૧૪.૦૬.૨૦૧૬ થી ૨૦.૦૬.૨૦૧૬ સુધી કામધેનુ યુનિવર્સિટી ખાતે યોગ પ્રશિક્ષણ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવેકાનંદ કેન્દ્ર અમદાવાદના શ્રી લોકેશજી કેશરે દ્વારા કામધેનુ યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને કોમન યોગ પ્રોટોકોલ મુજબ યોગ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

## વોન્ટેડ બુટલેગરે સંતાડેલો દારૂનો જથ્થો મળ્યો

### એલસીબીએ ઈન્દ્રોડાના એક મકાનમાં દરોડો પાડી રૂ. ૧.૧૪ લાખનો દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરી એકની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ દારૂની હેરાફેરી તથા વેચાણ પર વોચ રાખીને બેઠી છે ત્યારે આજે પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે ઈન્દ્રોડા ગામના વાલ્મીકી વાસમાં સ્થિત એક મકાનમાં દરોડો પાડયો હતો. રમેશ હરી વાઘેલાના મકાનમાં દરોડો પાડી તપાસ કરતા અંદરથી ૩૩૧ નંગ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. રૂ.૧,૧૪,૪૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરીને રમેશ વાઘેલાની ધરપકડ કરી લેવામાં આવી છે.



રમેશના ઘરેથી મળેલો દારૂ-બિયરનો જથ્થો ધોળાકુવા ગામના કુખ્યાત બુટલેગર મુકેશ ગણેશ ઠાકરનો હોવાનું બહાર આવ્યું છે. મુકેશના ઘરે બે દિવસ પહેલા પોલીસે રેડ કરી હતી ત્યારે ૧૦ હજારની કિંમતનો દારૂ-બિયર મળી આવ્યો હતો. આ ગુનામાં પણ મુકેશ વોન્ટેડ છે. તેની ધરપકડ માટે એલસીબીની ટીમે ચક્રો ગતિમાન કર્યા છે.

## પ્લાસ્ટીક વિરોધી દળનો સે-૨૧ અને મીનાબજારમાં સપાટો

ગાંધીનગર, તા.૨૧

મનપા કમિશનરની કડક સુચનાથી ગાંધીનગરમાં પ્લાસ્ટીક બેગના વેચાણ અને વપરાશ કરતા વેપારીઓને ત્યાં દરોડા પાડવાની કામગીરી તેજ બનાવવામાં આવી છે. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડની ટીમે પ્રથમ દિવસે ૩૯ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કર્યો હતો જયારે આજે બીજા દિવસે સે-૨૧ શોપીંગ અને મીના બજાર વિસ્તારમાં સપાટો બોલાવવામાં આવ્યો હતો. અલગ અલગ દુકાનોમાંથી ૨૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ અને ૫૦૦ ગ્રામ પ્લાસ્ટીકના ચાના કપનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

**બીજે દિવસે ૨૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ અને ૫૦૦ ગ્રામ પ્લાસ્ટીકના ચાના કપનો જથ્થો સીઝ કરાયો**

તો બીજી તરફ સે-૧, ૨ અને સેકટર-૭ ખાતે દરોડા પાડીને ૧૨ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો બીજી ટીમે જપ્ત કર્યો હતો. ૩૮ વેપારીઓને પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા સમજુતી આપી ગાંઠીયા રથના માલિક પાસેથી રૂ. ૩૦૦ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર રીટેલર્સ પબ્લીક વેલફેર એસો. સાથે પ્લાસ્ટીક ફ્રી સીટી અંતર્ગત ચર્ચા કરી નિયમોની જાણકારી પુરી પાડી ગાંધીનગરને પ્લાસ્ટીક મુકત બનાવવાના પ્રયાસમાં સહયોગ આપવા નાયબ મ્યુનિ. કમિશનરે અપીલ પણ કરી છે.

## સે-૩માં સ્થિત એસએસવી કેમ્પસના મીટર બોર્ડમાં આગ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે સ્થિત એસએસવી કેમ્પસ શાળાના મીટર બોર્ડમાં આજે બપોરના અરસામાં અચાનક શોર્ટ સર્કીટથી આગ લાગી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગને ગણતરીની મીનીટોમાં કાબુમાં લઈ વધુ ફેલાતી અટકાવી દેવાઈ હતી.

સેકટર-૩માં આવેલા ઠાકોર ભવનની જગ્યા પર શરૂ કરવામાં આવેલ એસએસવી કેમ્પસ શાળામાં આગ લાગી હોવાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળ્યો હતો. કોલ મળતા જ ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મીટર બોર્ડમાં લાગેલી આગને કાબુમાં લઈ લીધી હતી. આ આગ ઘટનામાં કોઈ મોટુ નુકશાન કે જાનહાની થવા પામી ન હતી પરંતુ ફાયર ઓફીસરે કરેલી વીઝીટમાં ધ્યાને આવ્યું હતું કે જયાં શોર્ટ સર્કીટ થવાથી આગ લાગી હતી તે મીટર બોર્ડમાં થયેલું ઈલેકટ્રીફીકેશનનું કામ જોખમરૂપ હતું. સંસ્થાના સંચાલક મંડળના દિપક મિસ્ત્રી સાથે વાત કરતા જણાવ્યું હતું કે, શોર્ટ સર્કીટને કારણે લાગેલી આગ થોડી જ મિનિટોમાં નિયંત્રિત કરાઈ હતી. ફાયર બ્રિગેડના અધિકારી મહેશ મોડ અને કર્મચારીઓનો સહયોગ પણ નોંધપાત્ર રહ્યો હતો. ઈલેકટ્રીક બોર્ડનું વાયરીંગ વધુ અસરકારક બનાવવા તાબડતોબ પગલાં લેવાયા છે.





## પવિત્ર રમઝાનમાં મુસ્લિમ બિરાદરો ખુદાની ઈબાદતમાં મગ્ન

### મુસ્લિમ બિરાદરો રોજા રાખી મન અને તનથી પવિત્ર બને છે : પવિત્ર માસના અંતે ઈદ ઉલ ફિત્ર મનાવાશે

ગાંધીનગર, તા.૨૧

મુસ્લિમ ધર્મનો પવિત્ર માસ રમઝાન હાલમાં ચાલી રહ્યો છે. મુસ્લિમ બિરાદરો આ પવિત્ર માસમાં ખુદાની ઈબાદતમાં મગ્ન બન્યા છે. ઈસ્લામીક કેલેન્ડરના હિસાબથી નવમો મહિનો રમઝાનનો હોય છે. ત્યાર પછી ચાંદ જોઈને ઈદ ઉલ ફિત્રનો તહેવાર મનાવાય છે. માન્યતા છે કે રમઝાન મહિનામાં કુરાન અવતરિત થઈ હતી જેથી આ મહિનાનું મુસ્લિમ ધર્મમાં આગવું મહત્વ બન્યું છે. આ વર્ષે ૬ જુનથી રમઝાન માસનો પ્રારંભ થયો હતો અને ૫મી જુલાઈએ પૂર્ણ થશે. રમઝાન માસ દરમિયાન મુસ્લિમ બિરાદરો રોઝા રાખે છે અને તે અંગેના તમામ નિયમોનો ચુસ્તપણે અમલ પણ કરે છે.

રમઝાનના પવિત્ર માસમાં તમામ મુસ્લિમ બિરાદરો પોતાની ચાહતો પર નકેલ કસીને અલ્લાહની ઈબાદત કરે છે. આ પવિત્ર માસ સબ્રનો ગણાય છે.જેનું વર્ણન ઈસ્લામ ધર્મના પવિત્ર ગ્રંથ કુરાનમાં કરાયું છે. માન્યતા છે કે રમઝાન મહિનામાં રોઝા રાખી અલ્લાહની ઈબાદત કરી મનુષ્ય ખુદાની નજીક પહોંચે છે અને ખુદાથી પોતે કરેલા ગુનાઓની માફી માંગે છે. રોઝા દરમિયાન હાલ મુસ્લિમ બિરાદરો સવારે સુરજ નિકળ્યા પહેલા સહરી ખાય છે અને સાંજે સુરજ ઢળ્યા પછી



નક્કી સમય પર ઈફતાર કરે છે. તેમજ નિયમિત નમાજ પઢે છે અને કુરાન શરીફની તિલાવત કરે છે.

રમઝાન માસ દરમિયાન રોઝા રાખનારે કુરાનના પદોને જીવનમાં ઉતારાનો પ્રયાસ કરવો જોઈએ તેવું વર્ણવાયું છે અને જકાતને તેટલું જ પ્રાધાન્ય આપવું જોઈએ. જેમાં જકાત એ કે જે પોતાની કમાણીમાંથી ભાગ કાઢી અલ્લાહ તેમજ ધર્મની રાહ ઉપર ખર્ચ કરે તે. આ જકાત સમાજના ગરીબોને અપાતી હોય છે. તેમજ ફિત્રો (અનાજ) પણ અપાય છે. રોઝા રાખનારે જુઠું બોલવું નહીં, ખરાબ કે ખોટું સાંભળવું નહી કે કરવું નહી તેવા કડક નિયમો પાળવાના હોય છે. આ સાલની ૫ મી જુલાઈએ ઈદ ઉલ ફિત્ર મનાવવામાં આવવાની છે. રમઝાન મહિનાની છેલ્લી રાત ચાંદના સ્વરૂપે મનાવાય છે. ચાંદરાતમાં ઈદનો ચાંદ જોઈને મુસ્લિમ બિરાદરો બિજા દિવસે ઈદ ઉલ ફિત્ર મનાવે છે જેને મીઠી ઈદ પણ કહેવાય છે. હદીશ અનુસાર ઈદ ઉલ ફિત્ર અલ્લાહે આપેલી ભેટ છે. આ દિવસે સવારની નમાજનું ખાસ મહત્વ છે જેમાં નવા નવા કપડા પહેરીને મસ્જીદ અથવા ઈદગાહમાં નમાજ પઢવા લોકો જાય છે. નમાજ પછી મુસ્લિમ બિરાદરો એકબીજાને ગળે વળગી ઈદ મુબારક કહે છે જેથી ઈદ ઉલ ફિત્ર ભાઈચારાનું પ્રતિક પણ ગણાય છે. નગરમાં સે-૨૧, ૨૯, ૫ તથા પેથાપુર, વાવોલ અને છાલામાં રમઝાન માસ ધામધૂમપૂર્વક મનાવાઈ રહ્યો છે.

## સુઘડ કેનાલમાં પડતુ મુકી ૬૫ વર્ષીય વૃદ્ધનો આપઘાત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલા સુઘડ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં અમદાવાદ અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધે પડતુ મુકીને આપઘાત કરી લીધો હતો. આજે સવારે મફતભાઈ મોહનભાઈ દરજી પોતાના ઘરેથી નીકળી ગયા હતા અને બપોરના અરસામાં કેનાલમાં ઝંપલાવી મોતને વહાલું કરી દીધું હતું. વૃદ્ધે આપઘાત કર્યો તે પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. મળતી વિગતો મુજબ વૃદ્ધે બે મહીના પહેલા જ બીજા લગ્ન કર્યા હતાં. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. દશરથભાઈ કેશવલાલ નાયક, ઉ.વ. ૬૮
- સ્વ. મોહનભાઈ વાંકાજી ભીલ, ઉ.વ. ૫૨
- સ્વ. મોતીબેન શિવાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. મથુરભાઈ પૂંજીદાસ પટેલ, ઉ.વ. ૯૦
- સ્વ. સતિશચંદ્ર બાબુલાલ ચાવડા, ઉ.વ. ૩૯